सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષઃ ૧૮ | ઓક્ટોબર ૧૯૯૭ | અંકઃ ૨

## વાલીઓને......

### શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને......

એલિસબ્રીજ વિસ્તારમાં આ શાળા છેલ્લા સાત દાયકા કરતા વધુ સમયથી કાર્ય કરી રહી છે. ૧૯૨૪માં ગણ્યાં ગાંઠયા વિદ્યાર્થીઓથી શરૂઆત કરીને આજે વટવૃક્ષ બની છે. આગામી ઓગસ્ટ માસમાં સંસ્થા ૭૫માં સ્થાપનાદિનની ઉજવણી કરશે. આ સમયે પ્રસંગોચિત સ્મરણ પુસ્તિકા તૈયાર કરવાનો અમારો પ્રયાસ રહેશે.

સંસ્થામાં ત્રણ પેઢીએ અભ્યાસ કર્યો હોય તેવા ઘણાં કુટુંબો આ વિસ્તારમાં વસે છે - કેટલાક કિસ્સામાં ચોથી પેઢી પણ અભ્યાસ કરે છે તે જોઈને આનંદ થાય છે. પોતાના નાના પૌત્ર કે પૌત્રીને લેવા આવતા દાદા કે દાદીની શાળામાં આંગણમાંની જુની યાદના સ્પંદનો સંસ્થાનું ચાલકબળ છે. ઘણાં કિસ્સામાં માતા અને પિતા બંને સરખા સમયમાં કે એક જ વર્ગમાં ભણતા હોય તેવા માબાપો - પોતાના બાળકને " અમે ભણતાં હતાં ત્યારે - " કહીને અનેક જુનાં પ્રસંગો વાગોળતા હોય છે.

આથી સૌ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને મારૂં નિમંત્રણ છે કે સંસ્થાના ૭૫મા સ્થાપનાદિને બહાર પાડવા ધારેલી સ્મરણપુસ્તિકામાં પોતાના સ્મરણો અમને મોકલે. આવા પુસ્તકોનું સંકલન ઠીક ઠીક સમય માંગી લેતું હોઈ આપ સૌ વેળાસર તે મોકલશો એવી ખાસ આગ્રહ ભરી વિનંતી છે.

આ ઉપરાંત ૭૫મા સ્થાપનાદિનની અગાઉના ગાળામાં તેમ જ ત્યારબાદ પૂરા વર્ષ માટે અન્ય કાર્યક્રમો તો થશે જ પણ કાયમી યાદગીરી સ્વરૂપે સ્મરણ પુસ્તિકા મહત્વનું આયોજન છે.

જે વિદ્યાર્થીઓ પરદેશમાં વસતા હોય તેમનાં સગાસ્નેહીઓને પણ વિનંતી કે આ વિદ્યાર્થીઓના સ્મરણલેખો મેળવવામાં તેઓ મદદરૂપ બને. તેમના સરનામાં કે ઈ-મેલ અમને પહોંચાડે.

શાળાનો ઈ-મેલ Shaarad@ ad1.vsnl.net.in છે તેની ફરીથી યાદ આપું છું.

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને જણાવવાનું કે તેમનું હાલનું સરનામું જણાવીને શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી-મંડળનું ફોર્મ ન ભર્યું હોય તો ભરી દે. સંસ્થાના કાર્યક્રમો, પ્રવેશની વિધિ વગેરે સમયે આ માહિતીની જરૂર પડે છે.

સૌના સહકારની અપેક્ષા સાથે.

ઇન્દુભાઈ દવેના
વંદન

## " આજે મારી વર્ષગાંઠ છે "

આજે દેવસ્યના આનંદનો પાર ન હતો, ખૂબ ઉત્સાહભેર સ્કુલમાં આવ્યો હતો, વર્ગમાં ગયો, ઘંટ વાગ્યો, અને હજી તો બેન વર્ગમાં આવે એ પહેલાં જ બધા બાળકોને ચોકલેટ વહેંચવા લાગી ગયો... એનો આનંદ અપાર હતો... " આજે મારી હેપી બર્થ ડે છે ને!"... અને બાળકોને પણ ચોકલેટ મળે એટલે અનેરો આનંદ તો થાય જ, બેન વર્ગમાં પ્રવેશ્યાં ત્યાં તો આનંદની કિકિયારીઓ ચારે બાજુ ફેલાઈ ગઈ હતી... સૌ કોઈએ આનંદભેર વધામણી ખાધી..." બેન ! આજે દેવસ્યની ' હેપી બર્થ-ડે ' છે એટલે અમને બધાંને તેણે ચોકલેટ વહેંચી.."

બેન જરા મૂંઝાયા.... એક બાજુ દેવસ્યનો અને બાળકોનો આનંદ તો બીજી બાજુ શાળાની પ્રણાલિકાનો ભંગ... પણ શાળા આવા જે કાંઈ નીતિનિયમો નક્કી કરે છે તેની પાછળ ઘણો બધો વિચાર કર્યા પછી જ નિર્ણય લેવામાં આવે છે.

બાળકને તેની વર્ષગાંઠ હોય ત્યારે તેનામાં અનેરો ઉત્સાહ હોય... ચોકલેટ કે પેન્સીલ કે એવી જ કોઈ વસ્તુ વહેંચી તેને તેનાં આનંદમાં બધાને સહભાગી બનાવવાનું ગમે એ પણ સાહજીક છે.... સાથે સાથે તેનાથી તેનો અહ્મ પણ સંતોષાય છે, પણ જે શાળામાં જુદા જુદા આર્થિક સ્તરનાં બાળકો એકસાથે ભણતાં હોય, એક જ પાટલી પર બેસીને ભણતાં હોય ત્યાં આનંદની આ અભિવ્યકિત કેવી રીતે આવકારી શકાય ? આજે દેવસ્યે તેની વર્ષગાંઠ નિમિતે ચોકલેટ વહેંચી, કાલે આદિત્ય તેની વર્ષગાંઠ નિમિત્તે બાળકોને પેન્સીલ વહેંચશે પણ પેલા દેવલની વર્ષગાંઠ આવશે ત્યારે શું ? તેના પપ્પાને તો સાવ સામાન્ય નોકરી છે, તેમને વર્ગના પચાસ છોકરાને પીપરમીંટ વહેંચવાનું પોસાશે ખરૂં ?... ખુદ પોતાનાં દેવલને તો માંડ પીપરમીંટ લાવી આપી શકે છે એ બધાં બાળકોને પીપરમીંટ કેવી રીતે વહેંચી શકશે ?... પણ દેવલ તો જીદ લઈને બેસશે કે દેવસ્યે ચોકલેટ વહેંચી ,આદિત્યએ પેન્સીલ વહેંચી, મારે પીપરમીંટ વહેંચવી જ છે... ને પરિણામે આટલી મોંઘવારીમાં ' ત્રણ સાંધતા તેર તૂટે ' એવી કારમી ભીંસ અનુભવતાં દેવલનાં પપ્પાએ ગમે તેમ કરીને દેવલને પીપરમીંટ લાવી આપવી પડે છે... બાળકનો અહમ્ એનાથી પોષાય છે ખરો તેની' વાહ ' પણ બોલાય છે, પણ એની પાછળ વાલીની 'આહ' હોય છે. એનું શું?.....

અને એટલે જ શાળાએ એવું નક્કી કર્યું છે કે બાળકની વર્ષગાંઠ કે એવા કોઈ આનંદના પ્રસંગે પણ અમારી પૂર્વ પરવાનગી સિવાય આવો કાંઈ વ્યવહાર કરવો નહીં. સૌ બાળકોમાં સમાનતાની ભાવના જળવાઈ રહે તે માટે જેમ ગણવેશ દાખલ કરવામાં આવ્યો છે તે જ રીતે શાળામાં ભણતા સૌ બાળકોમાં એવી જ સમાનતાની ભાવના જળવાઈ રહે તે માટે અમારો આવો આગ્રહ હોય છે. ને છતાં ય કયારેક વાલી પૂર્વમંજૂરી વીના જ સીધેસીધું આવું વિતરણ બાળક દ્વારા કરાવી દે છે ત્યારે અમારે માટે અનેક પ્રશ્નો ઊભા થાય છે. આ માટે વાલીઓના સહકારની ખાસ અપેક્ષા છે.

ઊર્મિલા શાહ

## ।। कुरबान होना है ।।

राह देखे बेठे थे वो देशके वीर
कब आयेगा वो दिन जब
होगा ये देश आजाद ।
आया भी एसा दिन
हुआ उनका सपना साकार .
उन देश के वीरोंसे कहलाया
ये देश महान ।।

आया एक अनोखा अवसर
दिलमें एक उमंग सा लाया
जयहिंद की बुलंदियो से
गुंज उठा ये देश
आया वो आजादी का दिन

जो दिपक बरसो पहले बुज गया
आज उसे हमें जगाना है
जो काम उसने कर दिखाया
आज हमें भी आगे बढाना है ।
देश के लिए यारों
आज हमें भी कुरबान होना है ।।

बीना एस पटेल ९ क

## સંસ્થાનું ગૌરવ

અમદાવાદ શહેર શાળા સંચાલક મંડળના અધ્યક્ષ પદે શ્રી દિનુભાઈની વરણી કરવામાં આવી છે. સંસ્થા તે માટે ગૌરવ અનુભવે છે.

શિશુમંદિરના શિક્ષિકા શ્રી નિકુંજબેન જાનીને ગુજરાત રાજ્ય હિંદી સાહિત્ય પરિષદ તરફથી યોજાયેલ વાર્તા સ્પર્ધામાં તેમની વાર્તા ' આત્મદાહ ' માટે તૃતીય ઈનામ પ્રાપ્ત થયું છે. જેમાં પ્રમાણપત્ર સાથે રજતચંદ્રક ગુજરાત યુનિવર્સીટી સેનેટ હોલ ખાતે યોજાયેલ ખાસ સમારંભમાં રાજ્યપાલને હસ્તે એનાયત કરવામાં આવ્યાં. બેન શ્રી નિકુંજબેનને ખૂબ ધન્યવાદ.

સંસ્થાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની ચિ.નિયતી મહેતાને ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા બીલીમોરા ખાતે યોજવામાં આવનાર ' કલ કે કલાકાર ' સમારોહમાં ભાગ લેવા માટે પસંદ કરવામાં આવ્યાં છે. યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના ઉપક્રમે યોજાતી યુવા પ્રતિભાશોધ સ્પર્ધામાં જીલ્લા કક્ષાની બ વિભાગની શાસ્ત્રીય નૃત્ય સ્પર્ધામાં ભરતનાટયમ શૈલીનું નૃત્ય રજૂ કરી તેમણે પ્રથમ પદ પ્રાપ્ત કર્યું હતું. બેન નિયતીને ખૂબ ધન્યવાદ અને સફળતા પ્રાપ્ત કરે તે માટે શુભેચ્છા.

શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની ચિ.અનાર પટેલે અમેરિકામાં હોવલેન્ડ હાઈસ્કુલમાં આઠમું સ્થાન મેળવ્યું છે. તે માટે યોજાયેલ ખાસ સમારંભમાં તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું. સંસ્થા આ માટે ગૌરવ અને આનંદ અનુભવે છે. બેન અનાર પ્રગતિના પંથે આગળ ધપતાં રહે તેવી શુભકામના.

## સંસ્થાકીય સમાચાર

### બાલમંદિર

**સ્થાપનાદિન :**

તા.૯-૮-૯૭ ના રોજ શાળાનો સ્થાપના દિન આનંદ અને ઉલ્લાસથી ઉજવાયો. મા શારદાની ભાવવાહી સ્તુતિથી કાર્યક્રમનો પ્રારંભ થયો. આખાય પ્રાંગણમાં જાણે મા શારદાની સ્તુતિનું ભાવભર્યું વાતાવરણ શબ્દ, સૂર અને લય સાથે પ્રસરી ગયું. ત્યારબાદ બાળકો વડે બનેલા રથ સાથે બાલરથીઓ તેમની સવારી લઈ આવી પહોંચ્યાં. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેલા સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી તથા વાલીશ્રી રૂપિનભાઈ ગોરધનદાસે બાલરથીને કુંકુમ તિલક કરી તે પર અક્ષત લગાડી મોં મીઠું કરાવી બાલરથીનું અભિવાદન કર્યું. સંસ્થા માટે બાળક હંમેશા કેન્દ્રસ્થાને રહ્યું છે અને એટલે સ્થાપનાદિને બાલપૂજન કરવામાં આવે છે. ત્યાર પછી નાનકડી બાલિકાઓએ ' હવામાં આજ વહે છે ધરતી કેરી ખુશખુશાલી ' નૃત્ય રજૂ કર્યું. એ દિવસની એ સવાર તો ખુશનુમા હતી જ પણ નાનકડી બાળાઓએ રંગબેરંગી ચણીયાચોળી ને ઓઢણીમાં સજ્જ થઈ જે પ્રસન્નતાથી એ નૃત્ય કર્યું તેણે આખાય વાતાવરણને અનેરા ઉલ્લાસથી ભરી દીધું. ત્યારબાદ ' શારદાનો સાદ ' ગરબો રજૂ થયો. છેલ્લે બાળકોએ ફુગ્ગા અને ધજા લઈ કૂચ કરી ત્યારે તો આખું ય વાતાવરણ આનંદ અને ઉલ્લાસથી ધમધમી ઊઠયું.

**જન્માષ્ટમી :**

તા.૨૧-૮-૯૭ નાં રોજ તાલીમનાં બાળકોએ જન્માષ્ટમીનો ઉત્સવ ખૂબ ઉત્સાહપૂર્વક ઉજવ્યો. કૃષ્ણ જન્મથી માંડી કૃષ્ણની રાસલીલાં સુધીનાં પ્રસંગો ભાવવાહી અભિનય અને નૃત્ય સાથે રજૂ કર્યાં. કંસનાં પાત્રની ભૂમિકા ખૂબ સરસ રીતે ભજવવામાં આવી. સૌ કોઈએ તેને વધાવી લીધું. માખણચોર કૃષ્ણ કનૈયો, નાગદમન વિગેરે પ્રસંગો પણ ભાવવાહી રીતે રજૂ થયાં. આટલી નાની ઊંમરથી જ બાળકોની અભિનય શકિત આવા ઉત્સવોની ઉજવણીથી ખૂબ ખીલે છે. બાળકોનાં વ્યકિતત્વનો સર્વાંગી વિકાસ અભ્યાસની સાથે સાથે આવી અભ્યાસેત્તર પ્રવૃત્તિઓથી જ શકય બને છે.

**નવરાત્રિ :**

નવરાત્રિના દિવસો દરમ્યાન બાળકોએ રાસ અને ગરબાનો કાર્યક્રમ રજૂ કર્યો. ગુજરાતને ગરબો ગળથૂથીમાંથી જ મળે છે આટલી નાની ઉંમરે પણ આ બાળકો ખૂબ હલકમય ગરબા રજૂ કરે છે જેમાં શબ્દ, સૂર અને લયનો ત્રિવેણીસંગમ જોવા મળે છે. મા શકિતની ભકિતથી જાણે આખુંય વાતાવરણ ભર્યુંભર્યું બની જાય છે.

**સૂચના :**

બાલમંદિરમાં બાળકોને લેવા કે મૂકવા આવતાં વાલીને ખાસ વિનંતી કે તમારું વાહન રસ્તો રોકાય તેવી રીતે ન જ મૂકો. અવ્યવસ્થિત પાર્કીંગને કારણે ઘણી મુશ્કેલી ઊભી થાય છે, એક વાલી તરીકે આ જાગૃતિ ખૂબ આવશ્યક છે.

### શિશુમંદિર

**સ્થાપનાદિનઃ-** તા.૧૦-૮-૯૭ ના રોજ સંસ્થાનો સ્થાપનાદિન ખૂબ ઉમંગભેર ઉજવાયો. મા શારદાની ભાવવાહી સ્તુતિ અને દિપ પ્રગટાવી કાર્યક્રમનો પ્રારંભ થયો. બાળકો થકી બનેલાં રથ પર સવાર થઈ ત્રણ બાલરથીઓ શિશુમંદિરનાં પ્રાંગણમાં આવી પહોંચ્યા. મુખ્ય મહેમાન તરીકે પધારેલ ફીઝીકલ રીસર્ચ લેબોરેટરીનાં વૈજ્ઞાનિક તથા સંસ્થાના વાલીશ્રી જયશંકરભાઈ ત્રિવેદીએ કુંકુમ તિલક કરી અક્ષત લગાડી બાલરથીને મોં મીઠું કરાવી તેમનું અભિવાદન કર્યું. સંસ્થા માટે બાળક

કેન્દ્રસ્થાને છે અને એટલે પ્રણાલિકાગત રીતે સ્થાપનાદિને બાલપૂજન કરવામાં આવે છે. શ્રી જયશંકરભાઈએ પ્રેરક પ્રવચન આપ્યું. બાળકોએ ફુગ્ગા અને ધજા સાથે ઉત્સાહભેર મંગલકૂચ કરી ને છેલ્લે ગરબા રજૂ કરવામાં આવ્યા. આખો ય કાર્યક્રમ એક યાદગાર સંભારણું બની ગયો. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાએ આખા ય કાર્યક્રમની ફોટા સાથે ખૂબ સુંદર રીતે નોંધ લીધી તે સંસ્થા માટે ગૌરવની વાત છે.

આંતરગૃહ સ્પર્ધાઓઃ-

**હેપી બર્થ ડે તોરણ સ્પર્ધા : ( ભાઈઓ ) ૧૩-૮-૯૭**

પ્રથમ વિશ્રુત ભટ્ટ ( રત્નદીપ )
દ્વિતીય દ્રુપદ પરીખ ( ગંગોત્રી )
તપન ભગત ( રત્નદીપ )
તૃતીય રીષિત ભટ્ટ ( ધવલગિરિ )
મૃદંગ શાહ ( ગંગોત્રી )

**ફૂલ - પાન તોરણ સ્પર્ધા ( બહેનો ) ૧૩-૮-૯૭**

પ્રથમ ધરા ચોકસી ( રત્નદીપ )
દ્વિતીય દર્શિતા શાહ ( ગંગોત્રી )
ઋજુતા શાહ ( મેઘનાદ )
તૃતીય નૂપુર શાહ ( ધવલગિરિ )
ખ્યાતિ જાડેજા ( રત્નદીપ )

**શાળાકીય પ્રવૃત્તિનાં ચિત્રોની સ્પર્ધા : ૧૩-૮-૯૭**

બહેનો પ્રથમ શેમોલી મહેતા ( રત્નદીપ )
દ્વિતીય દેવાંગી મુનશી ( ગંગોત્રી )
તૃતીય મીનુ જોશી ( ધવલગિરિ )
ભાઈઓ પ્રથમ વર્ષિલ પરીખ ( રત્નદીપ )
દ્વિતીય પીકીન મોદી ( ગંગોત્રી )
તૃતીય નીરલ મોદી ( ગંગોત્રી )

**નિર્ણાયક તરીકે ભૂતપૂર્વ વિદ્યાર્થીની ગાયત્રી પટેલે સેવા આપી.**

**બેજીસ સ્પર્ધા : ૧૩-૮-૯૭**

પ્રથમ શૈલી શાહ ( ધવલગિરિ )
દ્વિતીય રવિજા દવે ( ધવલગિરિ )
તૃતીય ક્રિના શાહ ( ધવલગિરિ )
હેલી શાહ ( મેઘનાદ )

**ધ્વજ સ્પર્ધા : ૧૪-૮-૯૭**

પ્રથમ મેઘનાદ મહર્ષિ ત્રિવેદી,
ભાઈઓઃ સમીપ ફોજદાર,
ઈપ્સિત ત્રિવેદી
મેઘનાદ હીરલ મહેતા,
બહેનોઃ ઝંકૃતિ કિનારીવાલા
દ્વિતીય રત્નદીપ હીનલ શાહ
બહેનોઃ કૃપા શાહ
ધરા ચોકસી

**પંચાજીરી ( સ્વાદ ) સ્પર્ધા :**

પ્રથમ તપન ભગત ( રત્નદીપ )
દ્વિતીય પૂર્વા લાખિયા ( ગંગોત્રી )
વિરલ શાહ ( ધવલગિરિ )
તૃતીય રીષિત ભટ્ટ ( ધવલગિરિ )

**પંચાજીરી ( ડેકોરેશન સ્પર્ધા ) ૨૦-૮-૯૭**

પ્રથમ રીષિત ભટ્ટ ( ધવલગિરિ )
દ્વિતીય શૈલી પટેલ ( મેઘનાદ )
તપન ભગત ( રત્નદીપ )
તૃતીય રીપલ પટેલ ( મેઘનાદ )

**રાખડી સ્પર્ધા ૧૪-૮-૯૭**

પ્રથમ પ્રતિક શાહ ( ધવલગિરિ )
દ્વિતીય વર્ષિલ પરીખ ( રત્નદીપ )
ઈશીતા તલાટી ( રત્નદીપ )
જીનલ મહેતા ( મેઘનાદ )
તૃતીય માનસી પારેખ ( ગંગોત્રી )

**પારણાં ડેકોરેશન સ્પર્ધા ૨૦-૮-૯૭**

પ્રથમ જીગર છપ્પન ( રત્નદીપ )
દ્વિતીય મૌલિક વ્યાસ ( મેઘનાદ )
હેલી ભગત ( ગંગોત્રી )
તૃતીય પ્રાકૃત મહેતા ( ધવલગિરિ )
મીનુ જોશી ( ધવલગિરિ )
દેવાંગી મુનશી ( ગંગોત્રી )

**નંદાવ્રત સાથિયા સ્પર્ધા ૨-૯-૯૭**

પ્રથમ બિલંદી પરીખ ( ધવલગિરિ )
દ્વિતીય આનલ શાહ ( મેઘનાદ )
સ્તુતિ ઝવેરી ( રત્નદીપ )
તૃતીય શૈલ શેઠ ( ધવલગિરિ )
ભૂમિ રેશમવાલા ( મેઘનાદ )

**ગણપતિની મૂર્તિ બનાવવાની સ્પર્ધા ૪-૯-૯૭**

પ્રથમ નિધિ શુકલ ( ધવલગિરિ )
દ્વિતીય મીનુ જોશી ( ધવલગિરિ )
ઈપ્સિત ત્રિવેદી ( મેઘનાદ )
તૃતીય રીપલ પટેલ ( મેઘનાદ )
કૃતિ દવે ( ગંગોત્રી )

**હિન્દી દિન નિમિત્તે હિન્દી સુલેખન સ્પર્ધા ૧૬-૯-૯૭**

પ્રથમ સલોની શ્રોફ ( ધવલગિરિ )
દ્વિતીય દેવાંગી મુનશી ( ગંગોત્રી )
તૃતીય નિરવ પારેખ ( ગંગોત્રી )

**હિન્દી નિબંધ સ્પર્ધા ૧૬-૯-૯૭**

પ્રથમ આનલ શાહ ( મેઘનાદ )
દ્વિતીય સાવની દિવેટીયા ( ગંગોત્રી )
તૃતીય ખુશાલી શાહ ( ધવલગિરિ )

**ગુજરાતી સુલેખન સ્પર્ધા ૧૮-૯-૯૭**

પ્રથમ નિરવ પારેખ ( ગંગોત્રી )
દ્વિતીય શર્વિલ ટંકશાળી ( મેઘનાદ )
સોનમ શાહ ( રત્નદીપ )
તૃતીય રાજન ચોકસી ( રત્નદીપ )
પૂજન ગોરજી ( મેઘનાદ )
ભૂમિક શાહ ( ધવલગિરિ )

**અંગ્રેજી સુલેખન સ્પર્ધા ૧૮-૯-૯૭**

પ્રથમ પેલવા નાયક ( રત્નદીપ )
દ્વિતીય મહર્ષિ ત્રિવેદી ( મેઘનાદ )
સુજલ મયાત્રા ( મેઘનાદ )
તૃતીય દેવાંગી મુનશી ( ગંગોત્રી )
આરતી જાડેજા ( ગંગોત્રી )

# વિનયમંદિર

**સ્વાતંત્ર્યદિન :** તા. ૧૫ મી ઓગસ્ટના રોજ શાળામાં ૫૦મા સ્વાતંત્ર્યદિનની ઉજવણી ખૂબ ઉત્સાહપૂર્વક થઈ. સંસ્થાના વાલી ડો. તુષારભાઈ લાખિયા મુખ્ય મહેમાન તરીકે પધાર્યા અને તેમનાં હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવ્યું. તેમણે તેમનાં પ્રેરક પ્રવચનમાં વિદ્યાર્થીઓને ભવિષ્યનાં જવાબદાર નાગરિક બનવા માટેની પ્રેરણા આપી, જીવનમાં શિસ્ત કેળવી દેશપ્રેમ માટે જાગૃતી કેળવવાનો સંદેશો આપ્યો. ચારે ય ગૃહનાં વિદ્યાર્થીઓએ માર્ચ પાસ્ટ કરી દમામભેર અને ગૌરવભેર સલામી આપી, આખું ય વાતાવરણ દેશપ્રેમની ભાવનાથી ભર્યુંભર્યું બની રહ્યું.

તા.૧૦-૮-૯૭ નાં રોજ સંસ્થાના સ્થાપનાદિન નિમિત્તે યોજાયેલ કાર્ક્રમમાં ધો.૮ , ૯ ની બહેનોએ તથા ધોરણ ૧૧ ની બહેનોએ સુંદર ગરબા રજૂ કરી કાર્યક્રમને ઉલ્લાસમય બનાવ્યો.

**આંતરગૃહ સ્પર્ધાઓ :-**

**રાખડી સ્પર્ધા :-**

| | | |
|---|---|---|
| પ્રથમ | ઋતુ પ્રજાપતિ | ( પદ્મપુકુર ) |
| દ્વિતીય | કાનન વૈદ્ય | ( ચંદ્રમૌલિ ) |
| તૃતીય | વિધિ શાહ | ( ચંદ્રમૌલિ ) |

**મહેંદી સ્પર્ધા :-**

| | | |
|---|---|---|
| પ્રથમ | કોમલ પટેલ | ( મેઘદૂત ) |
| દ્વિતીય | જૈની શાહ | ( પદ્મપુકુર ) |
| | ક્રીના શાહ | ( ગીતગોવિંદ ) |
| તૃતીય | અમી ખડખડ | ( ચંદ્રમૌલિ ) |

# અભિનંદન

**ચિત્ર :-** ૧૫-૮-૯૭ નાં રોજ લો સોસાયટી આયોજીત આંતરસ્કુલ ચિત્ર સ્પર્ધામાં અ વિભાગમાં શિવાંગી ટંકશાળીને તૃતીય અને બ વિભાગમાં શેમોલી મહેતાને તૃતીય ઈનામ મળ્યાં છે.

ફેવિક્રિલ ક્રેયોન હરીફાઈમાં ધો. ૧,૨ ના વિભાગમાં

કોમલ તલાટી , દ્વિતીય રિચા શાહ અને તૃતીય ધ્રુવ દેસાઈ આવ્યાં છે. બ્રિંદા સોની , સોહિલ પટેલ, યશ ચિતારા, ખ્યાતિ બરછા અને અંજના શાહને આશ્વાસન ઈનામ મળ્યાં છે. ધોરણ ૩,૪ માં જીનલ સૂરતવાલા પ્રથમ, માનસી વકીલ દ્વિતીય, ખુશ્બૂ સંઘવી તૃતીય આવ્યા છે. અદિતી શાહ, હિરલ ખત્રી, રિધ્ધિ ખત્રી, હેતા ધ્રુવ અને રૂચિશ ને આશ્વાસન ઈનામો મળ્યાં છે.

વિજય ઈન્ફરમેશન્સ્ ગાઈડન્સ સેન્ટર ફોર ફાઈન આર્ટસ એજ્યુકેશન હૈદ્રાબાદ આયોજીત ચિત્ર સ્પર્ધામાંચિ.આત્મન ફોજદારને મેરીટ એવોર્ડ સર્ટીફીકેટ મળ્યું છે. ચિ. આત્મનને યંગ એન્વોયઝ ઈન્ટરનેશનલ હૈદ્રાબાદ આયોજીત ગોલ્ડન જ્યુબિલી ચાઈલ્ડ આર્ટસ્ ફેસ્ટીવલમાં પ્રશંસાપત્ર પણ મળ્યું છે. અને એલીસબ્રીજ જીમખાના આયોજીત કાર્ટૂન સ્પર્ધામાં પ્રથમ ઈનામ સાથે શિલ્ડ મળ્યું છે.

તા.૧૦-૮-૯૭ નાં રોજ બાલવાટિકામાં યોજાયેલ બાલ કલ્યાણસંઘ તથા અ.મ્યુ. કોર્પોરેશન સંચાલિત ચિત્રસ્પર્ધામાં નિરલ મોદીને ત્રીજું ઈનામ મળ્યું છે.

ભારતીય જીવન વિમા નિગમ આયોજીત ચિત્ર સ્પર્ધામાં ગ્રુપ અ માં દેવસ્ય જાની પ્રથમ તથા ગ્રુપ બ માં શિવાંગી ટંકશાળી પ્રથમ તથા નિરલ મોદી દ્વિતીય આવ્યાં છે.

વકતૃત્વ :- ૨૯-૮-૯૭ નાં રોજ બી.ડી. આર્ટસ્ કોલેજ ખાતે યોજાયેલ એસ.આર ભટ્ટ સ્મારકનિધિ તરફથી યોજાયેલ વકતૃત્વ સ્પર્ધામાં રિધ્ધિ શાહને દ્વિતીય પારિતોષિક એનાયત થયું છે.

તા.૨૪-૯-૯૭ નાં રોજ એકસ્પેરીમેન્ટ ઈન ઈન્ટરનેશનલ લિવીંગ આયોજીત આંતરસ્કુલ વકતૃત્વ સ્પર્ધામાં સ્તુતિ વસાવડાને તૃતીય ઈનામ મળ્યું છે.

**નિબંધ સ્પર્ધા :-** અખિલ હિંદ મહિલા પરિષદ આયોજીત નિબંધ સ્પર્ધામાં અર્પણ સોપારકરને પ્રથમ ઈનામ તથા શિલ્ડ એનાયત થયા છે તથા નિશાંત દલાલને તૃતીય ઈનામ મળ્યું છે.
એકસ્પેરીમેન્ટ ઈન ઈન્ટરનેશનલ લીવીંગ આયોજીત નિબંધ સ્પર્ધામાં નિલય ઓઝાને પ્રથમ ઈનામ મળ્યું છે.

**ગીતાશ્લોક પઠન :-** ચિન્મયા મિશન આયોજીત ગીતાશ્લોક પઠન સ્પર્ધામાં નિરવ પારેખ તથા સાગર પારેખ પ્રથમ રાઉન્ડમાં પસંદગી પામી ફાઈનલ સ્પર્ધામાં તા.૨ જી ઓકટોબરનાં રોજ ભાગ લેશે.

**ચેસ :-** ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન આયોજીત સ્પર્ધામાં સાગર પારેખે ( અંડર-૮ ) માં ચોથું તથા નિરવ પારેખે ( અંડર-૧૨ ) માં છઠ્ઠું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

**કરાટે :-** અર્જુન સ્કુલ ઓફ માર્શલ આર્ટસ્ ઈન્ડીયા તરફથી રવિ નાગોરીને વ્હાઈટ બેલ્ટ II મળ્યો છે.

**સ્કેટીંગ :-** એલીસબ્રીજ જીમખાના આયોજીત સ્કેટીંગ સ્પર્ધામાં કથન ડોકટરે સ્પીડ સ્કેટીંગમાં પ્રથમ ઈનામ મેળવ્યું છે.

**હોકી :-** બેંક ઓફ બરોડા આયોજીત ૧૨ મી સબજુનિયર ગર્લ્સ રાષ્ટ્રિય હોકી સ્પર્ધામાં અલ્હાબાદ ખાતે ભારતની કુલ ૨૨ ટીમો વચ્ચે હોકી રમાઈ જેમાં ગુજરાત પાંચ મેચ મિઝોરામ, બિહાર, પેપ્સુ, મુંબાઈ અને પશ્ચિમ બંગાળ સાથે રમ્યું, આમાંથી એ ત્રણ મેચમાં વિજેતા બન્યું. આ મેચમાં ચિ.અપાલા ત્રિવેદી અને ચિ.ઋત્વી ત્રિવેદીએ પ્રશંસાપાત્ર દેખાવ કર્યો.

**We Wonder Quiz :-** ટાઈમ્સ ઓફ ઈન્ડિયા આયોજીત ઉપરોકત કવીઝમાં નિરવ પરીખ, પૂજા દવે, હર્ષ પરીખ, ધ્વનિ વ્યાસ, પરીન ચોગાનવાલાને પ્રથમ ઈનામ, ક્રિષ્ના શાહ, પ્રાકૃત પટેલ, દર્પિત ધીયા, માનસી નાગોરી શૈશવ શાહ અને માલવશાહને દ્વિતીય તથા વર્ષિલ પરીખ, હિમાની શાહ, શેનલ શ્રોફ અને રાજીક ઝવેરીને તૃતીય ઈનામ મળ્યાં છે.

**સંગીત :-** આઝાદીની સુવર્ણજયંતિ નિમિત્તે સરદાર પટેલ મેમોરિયલ ટ્રસ્ટ આયોજીત શૌર્યગીત સ્પર્ધામાં શાળાએ દ્વિતીય ઈનામ મેળવ્યું છે.

ધી ન્યુ હાઈસ્કુલ અમૃત શતાબ્દિ મહોત્સવ નિમિત્તે યોજાયેલ સુગમ સંગીત સ્પર્ધામાં સાવની દિવેટીયાએ પ્રથમ ઈનામ મેળવ્યું છે.

તંત્રી, મુદ્રક, પ્રકાશકઃ **દિનુભાઈ દવે**, આચાર્ય અને નિયામક, શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL: shaarad@ad1.vsnl.net.in